**ફોજદારી કેસ નંબર–૧૯૩/૨૦૨૫**

| GJJM090002682025 | કેસ દાખલ તા.: ૨૪/૦૭/૨૦૨૫ |
|---|---|
| | કેસ નોંધ્યા તા.: ૨૪/૦૭/૨૦૨૫ |
| | ઠરાવ જાહેર તા.: ૨૦/૦૪/૨૦૨૬ |
| | અવધિ: ૦૦ વર્ષ,૦૮ માસ,૨૭ દીવસ |

## <u>જોડીયાના મહેરબાન જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા</u>

**આંક–**

**ફરીયાદી......** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી......** ગોકળભાઈ વહાણભાઈ વરૂ
ઉ.વ.–૩૬, ધંધો–પશુપાલન
રહે. માવાપર ગામ, તા.ધ્રોલ, જિ.જામનગર

**ગુનો:**–ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબ

| | |
|---|---|
| ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીઃ | શ્રી એન.કે.પરમાર |
| બચાવપક્ષ તરફે વિ. વકિલશ્રીઃ | શ્રી જે.જે.પરમાર |

**<u>–:: ચુકાદો ::–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૨૨/૦૫/૨૦૨૪ના રોજ બપોરના સવા બે અઢી વાગ્યાની આસપાસ ફરીયાદીને મનફાવે તેમ ગાળો બોલી લીઝ બંધ કરવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપતા તે એ પાર્ટ ગુના રજી. નં. ૧૧૨૦૨૦૨૫૨૪૦૧૪૪/૨૦૨૪ થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઇ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

(૨) આ કામે આરોપીને પ્રોસેસની બજવણી થતા, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ હોય, આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. આરોપી સામે આંક–૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તેઓની સામે ફરમાવેલ તહોમત અંગે આરોપીની આંક–૪ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરેલ, જેથી આ કામે ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છેઃ–

## –: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ નાગજીભાઇ નાથાભાઇ ગમારાની જુબાની | ૫ |
| ૨ | પંચનામું | ૬ |
| ૩ | પંચ સાહેદ નજીરભાઇ સતારભાઇ સુમારીયાની જુબાની | ૭ |
| ૪ | ફરીયાદી મચ્છાભાઇ મૈયાભાઇ ઝાપડાની જુબાની | ૯ |
| ૫ | ફરીયાદ અસલ | ૧૦ |
| ૬ | ત.ક.અ. મેસુરભાઇ દેસુરભાઇ શિયારની જુબાની | ૧૬ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રીની આંક–૧૭ થી પુરાવો પુરો થયાની પુરશીસ આપી પુરાવો પુરો થયો હોવાનુ જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ પર ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધેલ નથી.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઇઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૨૨/૦૫/૨૦૨૪ના રોજ બપોરના સવા બે અઢી વાગ્યાની આસપાસ ફરીયાદીને મનફાવે તેમ ગાળો બોલી લીઝ બંધ કરવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**–:: કારણો ::–**

**(૮) <u>મુદ્દા નંબર ૧</u> ::–**

ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

(૮.૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૬ વાળા પંચનામાના પંચ સાહેદ નાગજીભાઇ નાથાભાઇ ગમારાનાઓને આંક–૫ થી તથા પંચ સાહેદ નજીરભાઇ સતારભાઇ સુમારીયાને આંક–૭ થી તપાસવામાં આવેલ છે તથા જે પંચ સાહેદોએ પોતાની પંચનામામાં સહી ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોઇ સદર પંચ સાહેદોને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

(૮.૨) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૯ થી ફરીયાદી મચ્છાભાઇ મૈયાભાઇ ઝાપડાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી એક વર્ષ પહેલા ભાદરા ગામની સીમ વિસ્તારમાં ઉંડ નદીમાં રેતીની લીઝ રમીલાબેન રમેશભાઇએ લીધી હતી, તેમાં તેઓ રખેવાળ તરીકે હતા તે દરમ્યાન એક અજાણ્યા ઇસમ ગાડી લઇને આવેલ અને તેઓની જોડે રેતીની લીઝ બાબતે અજાણ્યા ઇસમ જોડે બોલાચાલી થયેલી આનાથી વિશેષ બીજુ કાંઇ બનેલ નથી. તેઓએ ઉશ્કેરાઇ જઇને આ અજાણ્યા ઇસમ વિરૂદ્ધ જોડીયા પો.સ્ટે. માં ફરીયાદ આપેલ. ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓ દ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોઇ સદર ફરીયાદીને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકત સ્વિકારેલ છે કે, તેઓએ પોતાની ફરીયાદ સાથે તેઓ લીઝવાળી જગ્યાએ પગારદાર હોય તેવો કોઇ આધાર રજુ કરેલ નથી, કહેવાતી લીઝ હોય

તેવો કોઇ આધાર તેઓએ ફરીયાદ સાથે રજુ રાખેલ નથી, તેઓ સહેલાઇથી જેવુ જીવન જીવતા હતા તેવુ જ હાલના તબક્કે જીવન જીવે છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮.૩) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૬ થી તપાસ કરનાર અમલદાર મેસુરભાઇ દેસુરભાઇ શિયારનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, જોડીયા પો.સ્ટે ગઈ તારીખ ૨૨/૦૫/૨૦૨૪ ના રોજ ફરીયાદી મચ્છાભાઈ મૈયાભાઈ ઝાપડા રહે. મજોઠ ગામ, તા– ધ્રોલ, વાળાની ફરીયાદપરથી જોડિયા પો.સ્ટે સેકન્ડ ગુ. રજી. ન–૦૧૪૪/૨૦૨૪ ઈ. પી. કો કલમ ૫૦૪,૫૦૬(૨) મુજબનો ગુન્હો દાખલ થતા આગળની તપાસ પો. હેડ કોન્સ કે. કે. ઝાટીયાનાઓએ કરેલ હોય અને તેઓએ બનાવ વાળી જગ્યાનુ પંચનામું કરેલ હોય બાદ આ કામે આગળની તપાસ તેઓને મળતા ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેતા ફરીયાદને પુરતુ સમર્થન મળેલ હોય જેથી આ કામના આરોપી ગોકળભાઈ વહાણભાઈ વરૂ રહે, માવાપર ગામ, તા.ધ્રોલ, જી.જામનગર વાળાને ગુનાના કામે નોટિસ આપેલ હોય તેમજ આરોપી વિરુધ્ધ અટકાયતી પગલા લીધેલ તેમજ સદરહું ગુનાના કામે પુરતા પુરાવા હોય જેથી નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. વધુમાં આરોપીને જોયે ઓળખતા હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકત સ્વિકારેલ છે કે, આ કામે સંપુર્ણ તપાસ તેઓએ કરેલ નથી, સાહેદ સ્વૈછાએ જણાવે છે કે બનાવવાળી જગ્યાનું પંચનામું કે. કે. ઝાટિયાનાઓએ કરેલ છે તેમજ સાહેદોના નિવેદનો તેમજ બાકીની તપાસ તેઓએ કરેલ છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>

(૯) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી વિરૂદ્ધ જે આક્ષેપ છે તે બાબતે કાયદાકિય જોગવાઇ જોવામાં આવે તો,

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ – સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત :–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યક્તિ, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યક્તિનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬ઃ– ગુનાહિત ધમકી માટેની શિક્ષા :–**

જે કોઈ વ્યક્તિ, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરેની કરવાની હોય તો અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનું આળ મૂકવાનું હોય, તો તેને સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**(૧૦)** ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો, આ કામે ગુનાવાળી જગ્યાનાં પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે જેઓએ સદર પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી સદર પંચનામાની કોઇ હકિકત પુરવાર થતી ન હોઇ પંચનામું સાબિત થતુ નથી.

આ કામે ફરીયાદીને આંક–૯ થી તપાસવામાં આવેલ છે. જેઓ પોતાની જુબાનીમાં અજાણ્યા ઇસમ સાથે બોલાચાલી થયા સિવાયની બીજી કોઇ હકિકત બનેલ ન હોવાનું જણાવે છે. તેઓ ફરીયાદને સમર્થનકારી પુરાવો આપતા ન હોઇ ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. ફરીયાદી દ્વારા હાલના કામના આરોપી દ્વારા કોઇ ગાળો આપેલ હોઇ કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોઇ તેવી કોઇ હકિકત જણાવેલ નથી.

આ કામે તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસ કામગીરી બાબતની હકિકતો જણાવેલ છે. એ સિવાયનો આરોપીને ગુના સાથે સાંકળતો કોઇ વિશેષ પુરાવો રજુ કરેલ નથી. આ સિવાય અન્ય કોઇ સાહેદોનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. જે બોજાનું વહન કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આરોપી વિરૂદ્ધ શંકા રહિત પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે. પરંતુ આ કામે ખુદ ફરીયાદી જ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોઇ તથા અન્ય કોઇ સાહેદોનો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઇ આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી

**ફોજદારી કેસ નંબર–૧૯૩/૨૦૨૫**

વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**૧.** આ કામના આરોપી ગોકળભાઈ વહાણભાઈ વરૂ રહે. માવાપર ગામ, તા.ધ્રોલ, જિ.જામનગરવાળાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઈથી મળી રહે તે સારુ આરોપીએ રૂ.૫૦૦૦/–ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

આ હુકમ આજ તારીખ ૨૦ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ: ૨૦/૦૪/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા, ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩